નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,ગીર (પૂર્વ) વન વિભાગ,ધારી
વેકરીયાપરા ફોરેસ્ટ કોલોની,મુ.ધારી -૩૬૫૬૪૦
ફોન નંબર ૦૨૭૯૭ - ૨૨૫૦૪૪
ફેકસ નંબર ૦૨૭૯૭ - ૨૨૫૧૩૨
ઇ-મેલ - dcf_dhari@yahoo.com

ક્રમાંક : અ/જમન/ટે.૧૪/ ૧૦૪૫-૪૭ /૨૦૨૨-૨૩ તા.૨૩/૮/૨૦૨૨.

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
વન્ય પ્રાણી વર્તુળ,
જુનાગઢ.

વિષય:-**Diversion of 1.2 ha. Reserved Forest land for the project of strengthening construction of Jira-Hirava-Patala road (O.D.R.) Km. 0/00 to Km.9/500 (Working Section 4/630 to 6/230) in Amreli District in favour of Executive Engineer, Pachayat R & B Division, Amreli.**

સંદર્ભ : ૧.ભારત સરકારશ્રીના પત્ર નં.૬-જીજેબી ૦૩૬/૨૦૧૯-બીએચઓ/૧૨૧૯/ તા.૧૦/૧૨/૨૦૧૯.
૨.અત્રેની કચેરીના પત્ર નં.બ/જમન/ટે.૧૪/૧૨૩૨૨-૨૩/ તા.૨૮/૦૧/૨૦૨૦.
૩.અત્રેની કચેરીના પત્ર નં.અ/જમન/ટે.૧૪/૭૮૯-૯૧/તા.૧૯/૦૭/૨૦૨૨.

સાદર ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, જીરા-હિરાવા-પાતળા રોડ બનાવવાના કામે હિરાવા ગામના સર્વે નંબર ૫૬ નો વન વિસ્તાર આવતો હોવાથી વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળની (એફ.સી.એ.) દરખાસ્ત નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ,ધારી દ્વારા કરવામાં આવેલ છે. સદરહુ દરખાસ્ત અત્રેની કચેરીના તા.૨૧/૦૬/૨૦૧૯ ના પત્રથી આપશ્રીને સાદર કરતા આપશ્રીની કચેરીના તા.૧/૦૭/૨૦૧૯ ના પત્રથી અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી જમીન ગુજરાત રાજય ગાંધીનગરને સાદર કરતા ભારત સરકારશ્રીના સંદર્ભ-૧ ના પત્રથી ૧ થી ૫ અને એ થી એચ મુદાની પૂર્તતા રજુ કરવા સુચના મળેલ છે.જેની પુર્તતા નીચે વિગતે છે.

<u>મુદા નંબર-૧</u> મા જણાવ્યા મુજબની ચેકલીસ્ટ સાથેની દરખાસ્ત ૨ નકલમા આ સાથે સામેલ છે.

<u>મુદા નંબર-૨</u> મા વળતર વનીકરણ અને ડાર્યવર્ઝન થતા વિસ્તાનુ એફ.આર.એનુ પ્રમાણ પત્ર રજુ કરવા જણાવવામા આવેલ છે. જેમા વળતર વનીકરણની જમીન કલેકટરશ્રી અમરેલીની લાગુ કચેરી દ્વારા તાજેતરમા માપણી કરી કબ્જો સોંપતા અત્રેની કચેરીના પત્ર નં.બ/જમન/ટે.૧૪/૪૦૫૧-૫૨/ તા.૨૨/૦૭/૨૦૨૨ના પત્રથી કલેકટરશ્રી અમરેલીને એફ.આર.એનુ પ્રમાણપત્ર અત્રેને આપવા વિનંતી કરવામા આવેલ છે. તેમજ <u>મુદા નંબર-૨</u> મા ડાર્યવર્ઝન થતા વિસ્તાનુ એફ.આર.એનુ પ્રમાણ પત્ર રજુ કરવા અને <u>મુદા નંબર-૪</u> ની પુર્તતા નાયબ કાર્યપાલક ઇજનેર માર્ગ અને મકાન ધારીને લાગુ હોવાથી અત્રેની કચેરીના સંદર્ભ-૨ના પત્રથી પુર્તતા રજુ કરવા જણાવવામા આવેલ.જેમા મુદા નંબર ૪ બાબતે કલેકટરશ્રી અમરેલીના હુકમ અન્વયે વન વિભાગને ફાળવવાની થતી બિન જંગલ જમીન કબ્જો લેવા તેમજ માપણી માટે જિલ્લા જમની કચેરી અમરેલીના સર્વેયર, બાબરા સર્કલ ઓફીસરશ્રી, રેવન્યુ તલાટી તેમજ વન વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી સરસીયા થતા સર્વેયર તેમજ વન વિભાગનો લાગુ સ્ટાફ

બાબરા તાલુકના મોજે નાની કુડળ ગામના સર્વે નંબર ૧૮૯/૧ અ ની સ્થળની સંયુકત માપણીની કામગીરી તા.૧૮/૦૭/૨૦૨૨ ના રોજ પૂર્ણ કરી સ્થળે રોજ કામ કરવામા આવેલ છે. રોજકામ અને કબ્જા પાવતીની નકલ સંદર્ભ-૩ ના પત્રથી આપશ્રીને સાદર કરવામા આવેલ છે.

મુદા નંબર-૩ મા પાર્ટ-૨ પોર્ટલ ઉપર અપલોડ કરવામા આવે છે.

મુદા નંબર-૫ અને એ થી એચ મા આપેલ સુચના મુજબની વળતર વનીકરણની સ્કીમ તૈયાર આ સાથે સામેલ છે તેમજ પોર્ટલ પર અપલોડ કરવામા આવેલ છે. તેમજ હાર્ડકોપી સામેલ રાખવામા આવેલ છે.તેમજ જીલ્લા જમીન દફતર કચેરી અમરેલી તરફથી કરવામાં આવેલ માપણીની માપણી શીટની પાચં નકલ આ સાથે સામેલ રાખી સાદર કરવામાં આવે છે. વધુમાં બિન જંગલ જમીન ફાળવ્યા અંગેનો કલેકટરશ્રી. અમરેલી દ્રારા સુધારા હુકમ કરવામાં આવેલ ન હોય જેથી ૭/૧૨તથા અન્ય આધાર પુરાવાઓ રજુ થઇ શકેલ નથી. કલેકટશ્રી,દ્રારા સુધારા હુકમ થઇ આવ્યેથી જેની વિગતો આપશ્રીને સાદર કરવામાં આવેશે.

તેમજ દરખાસ્તમા પાના નંબર-૩૧,૩૨,૭૯,૮૩ થી ૮૭ અને ૧૦૧ થી ૧૧૫,૧૨૧,૧૨૫ માં સુધારા કરવામા આવેલ છે. જેની પાંચ (૫) નકલ આ સાથે સામેલ રાખી સાદર કરવામા આવે છે. જે વિદિત થવા વિનંતી છે.

નાયબ વન સંરક્ષક
ગીર (પૂર્વ) વન વિભાગ,ધારી

સામેલ : ઉપર મુજબ

નકલ સાદર રવાના:-અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી જમીન ગુજરાત રાજય ગાંધીનગર રજય ગાંધીનગર, અરણ્ય ભવન બ્લોક નં.એ.-૩ ચ-૩ સર્કલ સેન્ટ ઝેવિયર્સ સ્કુલ સામે, ગાંધીનગર તરફ વિદિત થવા સારૂ.


નકલ સવિનય રવાના: કલેકટરશ્રી,કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જીલ્લા સેવા સદન,રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી. તરફ જાણ તથા ઉકત બાબતે આપશ્રીની કક્ષાએથી જરૂરી સુધારા હુકમની કાર્યવાહી સત્વરે થવા વિનંતી છે

વન સંરક્ષણ ધારો,૧૯૮૦ હેઠળ ડાયવર્ઝનની પ્રપોઝલોમા વન્યજીવ સંરક્ષણ સંબંધે ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડનનો અભિપ્રાય આપવાની દરખાસ્ત માટેનુ પત્રક.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અરજદાર વ્યકિત / સંસ્થાનુ નામ તથા સરનામુ | શ્રી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ,ધારી | | | |
| ૨ | સ્થળની વિગત | તાલુકો | ગામ | સર્વેનંબર | વિસ્તાર હે. |
| | | ધારી | હિરાવા | ૫૬ | ૧.૨૦૦ |
| 3 | કામગીરી/પ્રવૃતિ/ઉપયોગનો સ્પષ્ટ હેતુ | strengthening & construction | | | |
| ૪ | માંગણીવાળુ સ્થળ અભ્યારણ્ય/રાષ્ટીય ઉધાનનો ભાગ છે. ? | ના (અનામત વન વિસ્તાર) | | | |
| ૫ | રક્ષિત વિસ્તાર ફરતે ઇકો સેન્સેટીવ ઝોન જાહેર થયેલ છે.? | ના | | | |
| ૬ | માગણીવાળુ સ્થળ સુચિત ઇકો સેન્સેટીવ ઝોનમા આવે છે. ? | હા | | | |
| ૭ | કેન્દ્ર સરકાર દ્વારા ઇકો સેન્સેટીવ ઝોન જાહેર કરેલ"ન હોય તેવા કિસ્સામાં રક્ષિત વિસ્તારની હદથી ૧૦ કિ.મી.ના વિસ્તારમાં માંગણી વાળા સ્થળનો સમાવેશ થાય છે.? | હા | | | |
| ૮ | માંગણીવાળુ સ્થળ અને વન્યજીવોના આવન-જાવનના અગત્યના માર્ગમા આવે છે. | હા | | | |
| ૯ | નજીકના નદી નાળા તથા કોતરથી કેટલા અંતરે આવેલ છે.? | નજીકમા ૩૦ મીટરના ના અંતરે હોકળુ/કોતર આવેલ છે. | | | |
| ૧૦ | માંગણીવાળા સ્થળ અને નજીકના અભયારણ્ય / રાષ્ટીય ઉધાન વચ્ચે અંતર દર્શાવતો સંબંધિત અભયારણ્ય/ રાષ્ટીય ઉધાનના ઇન્ચાર્જ નાયબ વન સંરક્ષકશ્રીએ અધિકૃત કરેલ નકશો. | આ સાથે સામેલ છે. | | | |

નાયબ વન સંરક્ષક
ગીર પૂર્વ વન વિભાગ ધારી.

MAP : showing the GPS location of Survey no 56 of Hirava Village Reserve Forest




Dy. Conservator Of Forests
Gir (East) Forest Division,
Dhari